# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ - ૨૦૨૨

## <u>અખબારી યાદી</u>

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૭/૦૭/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક – પરચ-૧૦૨૦૨૧-૭૪૪-સ સચિવાલય ગાંધીનગરના ઠરાવ ના પેરા-૩ મુજબ "AICTE દ્વારા નક્કી કરાયેલ પ્રવેશ લાયકાતના ધોરણો નવી શિક્ષણ નિતિ (NEP-2020) ને અનુરૂપ કરવામાં આવેલ છે. આ બાબત હાયર સેકન્ડરી સ્તરે બોર્ડની સમયાંતરે વિદ્યાર્થીઓને વિવિધ વિષયો ઓફર કરવાની જોગવાઈ તથા તેને સંબંધિત પ્રવેશ પરીક્ષાની જોગવાઈનો અમલ થયા બાદ સંપૂર્ણ લાયકાતને પ્રથમ મેરીટની જોગવાઈમાં લાવી શકાય. તે મુજબ પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩થી ઈજનેરીની તમામ વિદ્યાશાખામાં AICTE દ્વારા સૂચવેલ વિષયો પૈકી ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે ગણિતશાસ્ત્ર કે જીવવિજ્ઞાન કે બાયોટેકનોલોજી વિષયના થીયરી ગુણ આધારિત મેરીટ બનાવી પ્રવેશ આપવામાં આવશે. જેમા લાયકાત માટે ઉપરોક્ત વિષય સાથે અન્ય વિષયોમાં કોમ્પ્યુટર સાયન્સ/ઈન્ફોર્મેશન ટેકનોલોજી/ઈલેક્ટ્રોનીક્સ/બીઝનેસ સ્ટડી/એન્ટરપ્રિન્યોરશીપ/ટેકનીકલ વોકેશનલ વિષયમાં ૪૫% માર્ક્સ (અનામત કેટેગરી માટે ૪૦% માર્ક્સ) સાથે પાસ કરેલ હોવી જોઈએ. પ્રવેશના મેરીટ માટે ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે ગણિતશાસ્ત્ર કે જીવવિજ્ઞાન જેવા અન્ય સંબંધિત વિષયોની પ્રવેશ પરીક્ષા ધ્યાને લેવાની રહેશે."

આ ઠરાવની નકલ ગુજકેટ રજીસ્ટ્રેશનની વેબસાઈટ **<u>gujcet.gseb.org</u>** પર મુકવામાં આવેલ છે.

ઉક્ત જોગવાઈ અનુસાર ડીગ્રી એન્જિનિયરીંગ (ઈજનેરી) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતા ગ્રુપ-A, ગ્રુપ-B અને ગ્રુપ-AB ના તમામ ઉમેદવાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ – ૨૦૨૨ની પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. જેની વિદ્યાર્થી, વાલીઓ/આચાર્યશ્રીઓએ તથા સંબંધિતોએ નોંધ લેવી.

**<u>ખાસ નોંધ :-</u>** પ્રવેશ અંગેના નિર્ણયો પ્રવેશ સમિતિ દ્વારા વખતો વખત નક્કી થતા નિયમોને આધિન રહેશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા - ૨૯/૦૧/૨૦૨૨
સ્થળ - ગાંધીનગર.

ક્ર.નં. મા.શ/ ૨૦૨૨/૧૨૫૪૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત, જિ. સુરત
તા. ૩૧/૦૧/ ૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
સુરત, જિ. સુરત

District Education Officer
Surat. Dist. Surat.